અપીલ અરજી નં.૭૭ તા.૧૦–૫ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી અસદ આર. શેખ
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)
ડે.કમિ અને જાહેર માહિતી અધિકારી (ગુમાસ્તાધારા)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી અસદ આર. શેખની તા.૩૧–૩–૧૧ ની અરજીથી કેન્સલ કરેલા લાયસન્સની કોપી બાબતે વીજીલન્સ ખાતાના રીપોર્ટના આધારે આગળની શું કાર્યવાહી કરી અને તેનો શું જવાબ છે તેની સંપૂર્ણ લેખિતમાં જાણકારી આપવાબાબત.

સંદર્ભ :– અરજદાર મજકુરની અપીલ તા.૧૦–૫–૧૧ ની SMC/FAP/ નં.૭૭/૨૦૧૧–૧૨

શ્રી અસદ આર. શેખની તા.૩૧–૩–૧૧ ની અરજીથી કેન્સલ કરેલા લાયસન્સની કોપી બાબતે વીજીલન્સ ખાતાના રીપોર્ટના આધારે આગળની શું કાર્યવાહી કરી અને તેનો શું જવાબ છે તેની સંપૂર્ણ લેખિતમાં જાણકારી આપવા બાબતે મુખ્ય દુકાનધારા નિરીક્ષક અને મ. જાહેર માહિતી અધિકારીના પત્ર નં.એસ.એન્ડ.ઈ./જાવક નં.૮ તા.૧૧–૪–૧૧ તથા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના પત્ર નં.એસ.એન્ડ.ઈ./સે.ઝોન/જા નં.૮ તા.૧૧–૪–૧૧ થી આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૦–૫–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા સાથે કેન્સલ પ્રમાણપત્રની નકલ આપી નથી તે અંગે દફતરી હકીકત સ્પષ્ટ કરવા તથા નોંધણી કેન્સલ અંગે રજીસ્ટર કે અન્ય આનુષાંગિક દફતરેથી ઉતારો આપી શકાય તેમ છે કે કેમ? તેમજ નવી અરજીમાં ઓછા પુરાવા લઈ નોંધણી મુદ્દા અંગે હકીકત જણાવવા સાથે વીજીલન્સ રીપોર્ટ તથા કમિ.શ્રીના તા.૧૨–૨–૧૧ ના આદેશની નકલ પણ મેળવવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૪૩ તા.૨૪–૫–૧૧ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) , ડે.કમિ.(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (ગુમાસ્તાધારા) તથા તેઓ કક્ષાએ હોય તો તે અરજદારને અપીલ અરજીમાં કમિ.શ્રીના તા.૧૨–૨–૧૧ ના પત્રની નકલ તથા વીજીલન્સ ખાતાના રીપોર્ટની નકલ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી ગુમાસ્તાધારા તરફથી પત્ર નં.એસ.એન્ડ.ઈ./જા નં.૪૬ તા.૮–૬–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.એસ.એન્ડ.ઈ./જા નં.૮ તા.૧૧–૪–૧૧ ના પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૫ તા.૧–૪–૧૧ થી ગુમાસ્તાધારાને તબદીલ કરેલ પત્રની નકલ, વીજીલન્સ વિભાગ તરફથી અરજદારને પાઠવેલ પત્ર નં.વીઆઈડી/૨૦૭૫ તા.૨૨–૩–૧૧ ની નકલ, તા.૬–૧–૧૧ ના રોજ વીજીલન્સ વિભાગ ધ્વારા મ્યુ. કમિશનરશ્રીને સાદર કરેલ રીપોર્ટની નકલ , અરજદારની તા.૨૪–૧૧–૧૦ ના રોજની અરજીથી વીજીલન્સ વિભાગને કરેલ રજૂઆતની નકલ, એવન ટી કોર્નરની તા.૭–૧–૧૦ ના ગુમાસ્તા લાયસન્સ નકલ સીલેકશન હાઉસની તા.૭–૪–૧૦ ના ગુમાસ્તા લાયસન્સની નકલ તથા એવન ટી કોર્નરની તા.૧૧–૨–૧૦ ના ફુડ લાયસન્સની નકલ , સેન્ટ્રલઝોન તરફથી એઆરડી/૧૦૦ તા.૧૯–૧૧–૧૦ ની અરજીથી તા.૩૦–૧૦–૧૦ ની અરજી બાબતે આપેલ જવાબની નકલ, એસેસમેન્ટની રજીસ્ટરની તા.૧–૫–૦૯ની નકલ,અરજદારને પૂરક માહિતી આપેલ પત્ર નં.એસ.એન્ડ.ઈ./જા નં૪૫ તા.૮–૬–૧૧ ના પત્રની નકલ, સેન્ટ્રલઝોનનો અરજદારની તા.૫–૩–૧૧ ની અરજીના સંદર્ભે આપેલ માહિતી અંગેનો પત્ર નં.એસ.એન્ડ.ઈ./સે.ઝોન/જા. નં.૮ તા.૧૧–૪–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૩૧–૩–૧૧ ની અરજીથી કેન્સલ કરેલા લાયસન્સની કોપી બાબતે વીજીલન્સ ખાતાના રીપોર્ટના આધારે આગળની શું કાર્યવાહી કરી અને તેનો શું જવાબ છે તેની સંપૂર્ણ લેખિતમાં જાણકારી આપવા બાબત. કમિ.શ્રીના તા.૧૨–૨–૧૧ ના ઓર્ડરનો અમલ કેમ કર્યો નથી ઉપરોકત વિષયમાં શું પગલા લીધા તેની જાણકારી આપવી તેવું જણાવતી માહિતી માંગતી અરજી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૫ તા.૧–૪–૧૧ થી ચીફ ગુમાસ્તા નિરીક્ષકને અરજી તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી ગુમાસ્તા તરફથી પત્ર નં.એસ.એન્ડ.ઈ/જા નં.૮ તા.૧૧–૪–૧૧ થી " આપની અરજી તથા વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન વિભાગના રીપોર્ટ અન્વયે કાયદાકીય અભિપ્રાય મેળવવાની કાર્યવાહી કરવામાં આવી રહેલ છે " તેવું જણાવેલ છે. જે અંગે નિર્દિષ્ટ સમય ગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ અરજદારે તા.૩૦–૪–૧૧ ના રોજ કાયદાકીય કાર્યવાહીમાં શું પગલા લીધા છે કમિ.શ્રીની તા.૧/૨/૩ ની નોંધ નં.સીએન ૩૪૪ ની નકલ નથી આપી આગળના નોંધણી પ્રમાણપત્ર કેન્સલ કરેલા છે નવી અરજીમાં પણ ખોટા પુરાવા લઈ નોંધણી

કરેલ છે  અને પ્રમાણપત્ર રદ નથી કર્યા  તેથી આપેલ જવાબથી જ નારાજ છીએ તેવી રજૂઆત કરેલ છે. જે બાબતે અરજદારે કમિ.શ્રીના તા.૧૨–૨–૧૧ ના ઓર્ડરનો અમલ  કર્યો નથી જે અંગે વીજીલન્સ વિભાગ તરફથી અરજદારને પત્ર નં.વીઆઈડી/૨૦૭૫ તા.૨૨–૩–૧૧ થી તા.૬–૧૧–૧૦ ના રોજ કમિ.શ્રીને  કરેલ રીપોર્ટ  આગળની કાર્યવાહી માટે ચીફ ગુમાસ્તા ઈન્સ્પેકટર તા.૧૨–૨–૧૧ ના રોજ સાદર કરવામાં આવેલ.  તેવું જણાવેલ છે.જે અંગે અરજદારે વીજીલન્સ ખાતા તરફથી  આગળ શું કાર્યવાહી કરી અને તેનો શું જવાબ છે તેવી પૃચ્છા કરેલ. જે અંગે અરજદારને સદર તા.૩૧–૩–૧૧ ની અરજી સંદર્ભે  એસ.એન્ડ.ઈ/જા નં.૮ તા.૧૧–૪–૧૧ થી કાયદાકીય અભિપ્રાય મેળવવાની કાર્યવાહી કરવામાં આવી રહેલ છે તેવી માહિતી પૂરી પાડેલ છે.  જે બાબતે અરજદારે અપીલમાં કમિ.શ્રીની તા.૧–૨–૦૩ ની નોંધ સી.એન/૩૪૪ ની નકલ નથી આપી  તેવી રજૂઆત  મુળ અરજીથી  અલાયદી  અપીલ તબકકે કરવામાં આવેલ છે.  તેમ છતાં જાહેર માહિતી અધિકારી તરફથી અપીલ તબકકે  પત્ર નં.એસ એન્ડઈ/જાવ નં.૪૫ તા.૮–૬–૧૧ ના રોજ સીએન નં.૩૪૪ ની નકલ અરજદારને  પૂરી પાડવામાં આવેલ છે  અને જેની નકલ અત્રે પણ રજૂ કરેલ છે.  વધુમાં અરજદારે ખોટા પુરાવા લઈને નોંધણી કરેલ છે  તેના પ્રમાણપત્ર  રદ નથી કર્યા  જેમાં આપેલા જવાબથી નારાજ થઈ  અપીલ કર્યાનું જણાવેલ છે.  જે અંગે જાહેર માહિતી અધિકારીએ અરજદારને માહિતીમાં  કાયદાકીય અભિપ્રાય મંગાવવાનું જણાવેલ છે ત્યાર બાદ પૂરક વિગતોમાં  કાયદા ખાતા તરફથી  એડવોકેટની નિમણુંક કરવામાં આવી છે જે અંગે કાયદાકીય અભિપ્રાય અંગેની જરૂરી માહિતી માંગવામાં આવેલ તે માહિતી એડવોકેટને પૂરી પાડેલ છે. પરંતુ કચેરીના એડવોકેટ તરફથી અભિપ્રાય મળેલ નથી જેથી નોંધણીના પ્રમાણપત્ર રદ કરવા સંબંધે આગળની કાર્યવાહી થઈ શકેલ નથી  વધુમાં નોંધણી પ્રમાણપત્ર દફતરી રેકર્ડ ઉપર કેન્સલ ન થયેલ હોવાથી કેન્સલ પ્રમાણપત્ર આપવામાં આવેલ નથી. તેવું જણાવેલ છે. આમ અરજદારને માગવામાં આવેલ દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે આથી અપીલ અરજી અંગે કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

અરજદારની મુળ માહિતીની માંગણી  કેન્સલ કરેલા લાયસન્સની  કોપી, વીજીલન્સ રીપોર્ટ આધારે શું કાર્યવાહી કરી અને કમિશનરના તા.૧૨–૨–૧૧ ના ઓર્ડરનો અમલ  કેમ કર્યો નથી.  તે ત્રણ બાબતો છે. જે  પૈકી કેન્સલ કરેલા લાયસન્સ કોપી તથા વીજીલન્સ રીપોર્ટ આધારે  આગળ શું કાર્યવાહી તે અંગે કાયદાકીય  અભિપ્રાય  મેળવવાની  કાર્યવાહી કરવામાં આવેલ હોવાનો  પ્રત્યુત્તર  પાઠવેલ છે. જયારે  અપીલ તબકકે  જાહેર માહિતી અધિકારીએ  પૂરક વિગતોમાં  જણાવ્યા અનુસાર નોંધણી પ્રમાણપત્ર  રદ  કરવા આગળ કાર્યવાહી થઈ શકેલ ન  હોઈ નકલ આપી શકાય તેમ નથી.  તેવી રજૂઆત કરેલ છે. જેથી તે બે મુદ્દા પુરતું  માહિતીના ઈન્કારનું કારણ  બનતું નથી. જયારે  ૧૨–૨–૧૧ ના કમિશનરના  ઓર્ડર નકલ અરજદાર પાસેથી પૂરક તબકકે માંગણી કરવા છતાં  તેઓ રજૂ કરવામાં નિષ્ફળ રહેલ હોઈ  તે બાબતે વિશેષ કોઈ  ટીપ્પણી કરવાની રહેતી નથી. કારણ  કે  વીજીલન્સ ઓફિસરના તા.૨૨–૩–૧૧ ના પત્ર અનુસાર  તેમની કક્ષાએથી  તા.૧૨–૨–૧૧ ના પત્રથી ચીફ ગુમાસ્તાધારા ઈન્સ્પેકટર  તથા ચીફ ફુડ ઈન્સ્પેકટરને વિગતો  મોકલેલ હોવાનું જણાવેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ  કરવામાં આવે છે.

અરજદારની તા.૩૧–૦૩–૨૦૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી દફતરી હકીકતલક્ષી વિગતો પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ :    –૦૭–૨૦૧૧

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન), ડે.કમિ.(૫અનેઈ) અને જાહેર માહિતી અધિકારી (ગુમાસ્તાધારા) ..જાણ તથા અમલ માટે .
(૨) શ્રી અસદ આર. શેખ